પરિશિષ્ટ-૫

નં.જીઆઈડીસી/હિસાબ/સર્વિસ ચાર્જ /
જીઆઈડીસી,ઉદ્યોગભવન,ગાંધીનગર.
તાઃ ૭ -૦૭-૨૦૧૫

## //પરિપત્ર//

વિષય :– નિગમની જુદી જુદી વસાહતોમાં સર્વિસચાર્જ નકકી કરવાની નીતિ અંગે ફેર વિચારવા બાબત..

સંદર્ભ :– ૧)પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / એકાઉન્ટસ / સર્વિસચાર્જ / ૫૦ / ૯૯ તા.૧૩–૧૨–૯૯.
૨)જીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / એકાઉન્ટસ / સર્વિસચાર્જ / ૪૧ તા.૦૩–૧૦–૨૦૧૨.

નિગમની જુદી જુદી વસાહતોમાં સર્વિસચાર્જ નકકી કરવાની નીતિ બાબતે ઉપરોકત સંદર્ભિત પરિપત્રો અમલમાં છે.

સંદર્ભદર્શિત પરિપત્ર ક્રમાંક : (૧) માં જણાવ્યા મુજબ થયેલ મરામત અને જાળવણી ખર્ચ તેમજ અન્ય ખર્ચમાં સંદર્ભદર્શિત પત્ર (૨) મુજબ ૧૦% ઉપરવટ ખર્ચ અને જે તે વર્ષના પ્રવર્તમાન વ્યાજ દર મુજબ વ્યાજ ગણી, કુલ રકમને અગાઉના વર્ષમાં ફાળવેલ જમીન વિસ્તારના ૯૦% વિસ્તારને ગણતરીમાં લઈ સર્વિસચાર્જનો દર નકકી કરવાની નીતિ અમલમાં છે.

ઉપરોકત નીતિમાં ફેરફાર કરી, હવે પછી ફાળવણીદારો(ઔદ્યોગિક, વાણિજિયક તથા નિગમના રહેણાંક)ને પૂર્ણ ફાળવણી દરે ફાળવેલ વિસ્તાર ૯૦% ના બદલે ૧૦૦% વિસ્તારને ધ્યાનમાં લઈ સર્વિસચાર્જનો દર નકકી કરવાનો રહેશે. તે સિવાયની તમામ શરતો યથાવત રાખવામાં આવે છે.

સદરહુ પરિપત્રનો અમલ ૨૦૧૬–૧૭ થી અમલમાં આવનાર સર્વિસચાર્જથી કરવાનો રહેશે.

(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી,ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ વિભાગીય પ્રબંધકશ્રી / તમામ પ્રાદેશિક મેનેજરશ્રી
નિગમના તમામ કાર્યપાલક ઈજનેરશ્રી
ડિવિઝનલ એકાઉન્ટન્ટ / હિસાબી અધિકારી / શ્રેયાન હિસાબી અધિકારી
નાયબ મુખ્ય હિસાબી અધિકારી તરફ..જાણ સારૂ અને જરૂરી કાર્યવાહી અર્થે.
મુખ્ય ઈજનેરશ્રી તરફ....જાણ સારૂ તથા ઉપરોકત સુધારા ધ્યાને લઈ સર્વિસચાર્જ નકકી કરવાની કાર્યવાહી થાય તે મુજબ જરૂરી સુચનાઓ આપની કક્ષાએથી આપવા સારૂ.
નિગમના તમામ ખાતાના વડાશ્રીઓ તરફ....જાણ સારૂ.

**નકલ રવાના ::–**

૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફ..જાણ સારૂ (સબંધિત પ્રાદેશિક મેનેજરશ્રીએ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનને નકલ રવાના કરવાની રહેશે.

૨) પ્રમુખશ્રી, વસાહતના ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફ જાણ સારૂ. (સબંધિત પ્રાદેશિક મેનેજરશ્રીએ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનને નકલ રવાના કરવાની રહેશે.